### આજે વિશ્વ જળ દિવસ

# ઈડરના ૩૫ જેટલા ગામડાઓમાં અઠવાડિયે એક વખત,અડધો કલાક,પીવાનું પાણી મળે, વાપરવાનું પાણી મહિને...

**ઉમેદગઢ જૂથ યોજનાના ૩૫ ગામોને સાબરમતી નદીના પટમાંથી બનાવેલ કુવા પરથી પાણી પૂરું પાડવામાં આવે છે : ઇડર તાલુકાના રતનપુર, મોવતપુરા, પ્રતાપપુરા, ખાસ્કી, હરિપુરા, મસાલ, ઉમેદપુરા અને કાવા ગામડાઓમાં પીવાના પાણીની તંગી...**

ઈડર (બ્યુરો ઓફીસ)તા.૨૨

ઈડર તાલુકા ના પચ્ચીમ ના ૧૦ થી ૧૨ જેટલા ગામડાઓ માં પીવા ના પાણી ની તંગી સાથે અઠવાડિયામાં એક વખત અડધો કલાક ફળીયા માં એક જ નળે પાણી આવે છે.ઈડર ના પચ્ચીમ વિસ્તાર ના ઉમેદગઢ જૂથ યોજના ના પાંત્રીસ ગામોને સાબરમતી નદી ના પટ માં બનાવેલ કુવા માંથી જાલિયા ખાતે બનાવેલ ટાંકીઓ મારફતે પચ્ચીમ ના દસ થી બાર જેટલા ગામોને અઠવાડિયામાં એકવખત અને આખા ફળીયા માં એક જ નળે અડધો કલાક પાણી પૂરું પાડવામાં આવે છે.જ્યારે વાપરવાનું પાણી ૨૦ થી ૨૫દિવસે એક વખત વાપરવાનું પાણી આવે છે.




સરકાર ધ્વરા માસ મોટી જાહેરાતો કરી નલ સે જળ ની યોજના ની સફળતા ન ગુલબંગનાઓ ઈડર ના પચ્ચીમ વિસ્તાર ના રતનપુર, મોવતપુરા, પ્રતાપપુરા, ખાસ્કી,હરિપુરા, ઉમેદપુરા, કાવા વગેરે ગામોમાં ઉનાળા ના ચાર મહિના પીવા ના પાણી ની તંગી વર્તાવા લાગી છે.

જ્યારે માણસો ના પીવા અને વાપરવા પાણી ની તંગી છે ત્યારે પશુના પાણી માટે ભારે મુશ્કેલી ઉભી થવા પામી છે ,પશુઓ માટે કૂવે કૂવે ભટકી લોકો પોતાના મહામુલા પશુઓ માટે પાણી લેવા ભટકવું પડે છે.ત્યારે પશુપાલકો ભારે મુશ્કેલીઓ વેઠી રહ્યા છે.

### રક્તદાન કેમ્પ

# અરવલ્લી જિલ્લામાં કોરોનાની રસી લીધા પછી ૨૮ દિવસ સુધી રક્તદાન કરવું યોગ્ય નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

જિલ્લામાં પાછલા એક પખવાડીયામાં અનેક વિસ્તારોમાં રક્તદાન કેમ્પ યોજાયા. રક્તદાતાઓએ ઉમળકાથી રક્તદાન કરતાં ૩૦૦ થી વધુ બોટલ રક્ત એકત્ર થયું છે ત્યારે નેશનલ બ્લડ ટ્રાન્સફયુઝન કાઉન્સિલે આદેશ કર્યો છે કે કોરોનાની રસી લીધા પછી ૨૮ દિવસ સુધી રક્તદાન કરવું યોગ્ય નથી. પ્રથમ ડોઝ લીધા પછી કુલ-૫૬ દિવસ સુધી રક્તદાન કરી શકાય નહીં કારણ કે એન્ટીબોડીઝ માટે ૫૬ દિવસનો સમય જરૂરી હોય છે. જિલ્લામાં કેટલાક યુવાનોએ કોરોનાની રસીનો પ્રથમ ડોઝ લીધા પછી રક્તદાન કર્યું હોય તેવું બની શકે આ સંજોગોમાં એન.બી.ટી.સી.ના નિવેદનથી રક્તદાન કરનારા યુવાનોમાં અવઢવ વધી છે. રક્તદાન, મહાદાન..સૂત્રને ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના યુવાનોએ સાર્થક કરી દેખાડ્યું છે. કોરોનાના કપરા કાળમાં અનેક દર્દીઓ અને પ્રસૂતા મહિલાઓને લોહીની જરૂર પડતાં મોંઘા ભાવે બ્લડ બેન્કમાંથી રક્તની બોટલો ખરીદવા મજબૂર બન્યા હતા. કોરોના ચરમસીમાએ હતો ત્યારે બંન્ને જિલ્લામાં લોહીની અછત જોવા મળી હતી.

**રસી લીધા પછી રક્તદાન કર્યું છે તેવા યુવાનોમાં અવઢવ વધી, એન્ટીબોડીઝ માટે ૫૬ દિવસનો સમય જરૂરી**

તાજેતરમાં જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પરિણામ આવ્યાં ત્યાર પછી રક્તદાન કેમ્પમાં ઉછાળો આવ્યો છે પરંતુ હવે સમય બદલાયો છે. બંન્ને જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેલગામ બન્યું છે આ સંજોગોમાં રક્તદાતાઓએ અતિ ઉત્સાહમાં આવ્યા વગર એન.બી.ટી.સી.ના આદેશને પણ સન્માન આપવું પડશે કારણ કે કોરોનાની રસી લીધા પછી બીજો ડોઝ ૨૮ દિવસ પછી લેવાનો હોય છે. રસીનો પહેલો ડોઝ લીધા પછી ૫૬ દિવસ સુધી રસી લેનાર રક્તદાન ન કરી શકે તેવો આદેશ કરવામાં આવ્યો છે.

# યુવાનોની માનવતા : સરડોઈના સેવાભાવી યુવાનોની ધૈર્યરાજના પરિવારને ૬૫ લાખની મદદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

સોશ્યલ મીડીયાના માધ્યમથી મહિસાગરના ધૈર્યરાજની બિમારી તથા જરૂરી સારવાર માટે ફંડ એકત્ર કરવામાં સોશ્યલ મીડીયા કારગત નિવડ્યું છે. મોડાસા તાલુકાના સરડોઈ ગામના યુવાનોએ ધૈર્યરાજની મદદ માટે નેશનલ હાઈવે ૮ તેમજ મોડાસા સહિતના વિસ્તારોમાં મદદનો હાથ લંબાવી રૂા.૬૫ લાખનું દાન એકત્ર કર્યું હતું જે ગામના યુવાનોએ રૂબરૂ ધૈર્યરાજના ઘરે જઈ એકત્ર કરેલું ફંડ આપતાં પરિવાર ગદગદીત બની ગયો હતો.

મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના કનેશરા ગામના રાજદિપસિંહ સુરેન્દ્રસિંહ રાઠોડના ૩ માસના બાળક ધૈર્યરાજસિંહ એસ.એસ.એમ.એ. ટાઈપ-૧ ની ગંભીર બિમારી હોવાથી વિદેશમાંથી રૂા.૧૬ કરોડના ઈન્જેક્શનની જરૂરીયાત છે. જેમાં સરકાર દ્વારા ૬ કરોડ ટેક્ષના માફ કરવામાં આવ્યા છે પરંતુ માતબર રકમ એકત્ર કરવી મધ્યમ વર્ગના પરિવાર માટે અશક્ય બની હતી જેથી સોશ્યલ મીડીયાના માધ્યમથી ધૈર્યરાજની મદદ માટે અપીલ કરવામાં



આવતાં છેવાડાના ગામોમાંથી મદદનો ધોધ વહ્યો છે. તાલુકાના સરડોઈ ગામના રાજપાલસિંહ રહેવર, રાહુલ ભોઈ, કાર્તિક દરજી, વિરપાલસિંહ રાઠોડ અને ધર્મેન્દ્રસિંહ વિહોલા સહિતના યુવાનોએ ધૈર્યરાજની મદદ માટે ફુલ નહીં તો ફુલની પાંખડી એકત્ર કરી જરૂરીયાતમંદ પરિવાર સુધી પહોંચાડવાનો નિર્ણય કર્યો હતો જેમાં બે જ દિવસમાં યુવાનોએ અલગ અલગ સ્થળે મદદનો હાથ લંબાવ્યો હતો જેમાં રૂા.૬૫ લાખની રોકડ રકમ એકત્ર થતાં ગત રોજ સરડોઈના તમામ યુવાનોએ ધૈર્યરાજના ઘરની રૂબરૂ મુલાકાત લઈ લોકો દ્વારા આપવામાં આવેલ દાન પરિવારજનો સુધી પહોંચાડી માનવતાની સુવાસ ફેલાવી છે.

# ઈડર માર્કેટીંગ યાર્ડના ચેરમેન-વાઈસ ચેરમેન બિન હરીફ

**ચેરમેન તરીકે હિતેન્દ્રભાઈ પટેલની પુનઃ વરણી જ્યારે વા.ચેરમેન તરીકે યુવા વેપારી રાહુલ પટેલ**

ઈડર (બ્યુરો ઓફીસ)તા.૨૨

આજે ઈડર માર્કેટીંગ યાર્ડના સભા ખંડ માં બપોરે યોજાયેલ ચેરમેન,વા.ચેરમેનની ચૂંટણી માં હાલના માર્કેટીંગ યાર્ડ ના ચેરમેન હિતેન્દ્રભાઈ પટેલ ની પૂનઃ ચેરમેન પદે વરણી થઈ હતી,જ્યારે વાઈસ ચેરમેન તરીકે યુવા વેપારી અને ચૂંટણીમાં ભારે બહુમતી થી વિજય પ્રાપ્ત કરનાર દેત્રોલી ગામના વતની રાહુલ પટેલ ની બિન હરીફ વરણી કરવામાં આવી હતી.

૩૦મી જાન્યુઆરી એ યોજાયેલ માર્કેટિંગ યાર્ડ ની ચૂંટણી માં ખેડૂત વિભાગ ની દસ બેઠકો સમાજ વાઇઝ સમજૂતી કરી બધી બેઠકો સમરસ થઈ હતી જ્યારે સહકાર વિભાગ ની બે બેઠકો બિનહરીફ થઈ હતી ,જ્યારે વેપારી વિભાગની ચાર બેઠકો માટે રસાકસી ભરેલી ચૂંટણી યોજાઈ હતી.તેમાં આજે જિલ્લા રજીસ્ટર અને ચૂંટણી અધિકારી ની અધ્યક્ષતા માં આજે યોજાયેલ ચેરમેન વાઈસ ચેરમેન ની ચૂંટણી બિન હરીફ



થતા , માર્કેટિંગ યાર્ડ ના ચેરમેન, વાઈસ ચેરમેનની ચૂંટણી ને લઈને અનેક અટકળો નો અંત આવ્યો હતો. જ્યારે વેપારી વિભાગ માંથી પ્રથમ વખત ચૂંટણી લડી ભારે બહુમતી થી ચૂંટાયેલ રાહુલ પટેલ ને વાઈસ ચેરમેન બનતા ઈડર બેતાલીસ આંજણા સમાજ ના પ્રમુખ જીતુભાઈ દેસાઈ,કનુભાઈ પટેલ, સતિષભાઈ પટેલ, લલિતભાઈ પટેલ , દીપકભાઈ પટેલ અને સૌ આગેવાનો એ અભિનંદન પાઠવ્યા હતા .

# સાકરીયા પાસે કતલખાને લઈ જવાતા પશુઓ બચાવાયા

**૨ સામે પશુ ક્રૂરતા હેઠળ ગુનો નોંધાયો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

મોડાસા તાલુકાના સાકરીયા ગામ પાસે પીકઅપ ડાલુજીપમાં ક્રૂરતાપૂર્વક બાંધી મોડાસાના કતલખાને ધકેલવામાં આવતાં ૨ મૂંગા પશુઓને જીવદયા પ્રેમીઓની સતર્કતાથી બચાવી લેવામાં આવ્યાં છે. મોડાસાના અમલઈ અને વોરાકંપાના ૨ શખ્સો પશુઓને કતલખાને પહોંચાડવા નિકળ્યા હતા જે સમયે બંન્નેની અટકાયત કરી લૉકઅપમાં મોકલવામાં આવ્યા છે.

મોડાસાના ચોક્કસ વિસ્તારોમાં ગેરકાયદેસર કતલખાનાં ધમધમી રહ્યાં છે. પોલીસની નિષ્ક્રિયતાના કારણે ગ્રામ્ય વિસ્તારમાંથી પશુઓ ખરીદી ગેરકાયદે પશુઓની મોટાપાયે કતલ થઈ રહી છે. મોડાસાના ચાંદટેકરી, રાણાસૈયદ સહિતના વિસ્તારોમાં અગાઉ પોલીસે સર્ચ ઓપરેશન કરી અસંખ્ય મૂંગા પશુઓને કતલ થતાં બચાવ્યાં હતાં. તા.૨૧ના રોજ અમલઈ ગામનો અભાજી ભવાનજી મકવાણા અને વોરાકંપાનો હૂસેનફકીર મહંમદભટ્ટી વણઝારા પીકઅપ ડાલામાં બળદ તેમજ પાડાને બાંધી કતલખાનામાં લઈ જઈ રહ્યા હતા જે સમયે સંજય મશરૂભાઈ ભરવાડે બંન્નેને આંતરી પશુઓ અંગે પૂછપરછ કરતાં કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા જેથી પશુઓને ગેરકાયદે કતલ માટે લઈ જવાતા હોવાનું જણાતાં મોડાસા ગ્રામ્ય પોલીસને જાણ કરી હતી.

# અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ ચંદ્રીકાબેન શાહનું સન્માન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨



બાયડ તાલુકાના વાત્રકના સસ્તા અનાજના દુકાનદાર દિપકભાઈ શાહનાં પત્નિ ચંદ્રીકાબેન શાહનું અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી ત્યારે શ્રી ખડાયતા કેળવણી મંડળ-અમદાવાદ દ્વારા તેમની અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ તરીકે નિયુક્તિ થતાં અમદાવાદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પ્રમુખ મયુરેશ જ્યંતિલાલ કાચવાળા અને હોદ્દેદારો દ્વારા તેમનું ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજ ખાતે જેતલસર ગામની દીકરીના હત્યારાને કડક સજા થાય તે માટે આવેદનપત્ર અપાયું

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પાટીદાર હિત રક્ષા સમિતિ દ્વારા આજે રાજકોટ જેતલસર ગામની દીકરી કુ.સૃષ્ટિ કિશોરભાઈ રૈયાણી પર અસામાજિક તત્વો દ્વારા છરીઓના ધા ઝીંકી ક્રૂર હત્યા કરવામા આવી તે બદલ આરોપીઓને કડક મા કડક સજા થાય અને ઝડપી ન્યાય આપવામા આવે તે માટે આવેદનપત્ર સુપ્રત કર્યું હતુ. રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના જેતલસર ગામની દીકરી



કુ.સૃષ્ટિ કિશોરભાઈ રૈયાણી પર એક તરફી પ્રેમ પ્રકરણ મા અને દીકરી ના વારંવાર ના પાડવા છતાંય જયેશ ગીરધર સરવૈયા નામના ખાટ વ્યકિત બપોર ના સમયે માતા-પિતાની ગેર હાજરી મા ધરે જઇ ભાઈ બહેન એકલા હતા ત્યારે છરીઓના ઉપરા છાપરી ધા મારી ક્રૂર હત્યા કરી અને દીકરીના ભાઈ ઉપર પણ જીવલેણ હુકલો કરવામા આવ્યો છે આ ધટનાની સમગ્ર સમાજ મા ચિંતા અને અસુરક્ષાનું વાતાવરણ ઉભુ થયુ છે ત્યારે આ ધટના ને લઈ ને આરોપીને ફાસ્ટ ટ્રેક કોર્ટ માં ઝડપી કેસ ચલાવી ને કડક મા કડક સજા થાય તેવી માંગણી કરવામા આવી હતી

# શામળાજી પોલીસ પર હુમલો કરી બંદૂક છીનવી લેનાર કુખ્યાત બુટલેગર જીવો મનાત ૭ વર્ષ પછી ઝડપાયો

**અરવલ્લી પેરોલ ફર્લો ટીમે દબોચ્યો**

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લામાં પોલીસે જ પોષીને મોટા કરેલા બુટલેગરો બેફામ બન્યા હતા અને પોલીસ પર જ હુમલો કરી ખાખી પર ભારે પડી રહ્યા છે ત્યારે એસપી સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર બુટલેગરો સામે શસ્ત્ર કાર્યવાહી કરી ફાટીને ધુમાડે ગયેલા અને કાયદાનો કોઈ ડર જ ન હોય તેવા બુટલેગરોને ઝડપી પાડી જેલ ભેગા કરી રહી છે અરવલ્લી જીલ્લા પેરોલ ફર્લો ટીમે શામળાજી પોલીસ પર હુમલો કરનાર અને પોલીસની બંદૂક છીનવી લેવાના ગુન્હામાં છેલ્લા ૭ વર્ષથી નાસતા ફરતા અને ગુજરાત રાજસ્થાનમાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુન્હાના નામચીન બુટલેગર જીવો ઉર્ફે જીવણ ઉર્ફે જીવા પુના મનાતને બાતમીના આધારે મેઢાસણ-ટીંટીસર રોડ પરથી દબોચી લેતા કુખ્યાત બુટલેગરના હોશકોશ ઉડી ગયા હતા પેરોલ ફર્લો ટીમે કુખ્યાત બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

અરવલ્લી જીલ્લા પેરોલ ફર્લો પીએસઆઈ કે.એસ.સીસોદીયા અને તેમની ટીમે જીલ્લામાં નાસતા ફરતા



આરોપીઓને ઝડપી પાડવા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથધર્યું હતું ત્યારે બરનોલા ગામે પ્રોહીબીશન રેડ કરવા ગયેલી શામળાજી પોલીસ પર હુમલો કરી પોલીસકર્મી પાસેથી બુટલેગરોએ પોલીસકર્મીની બંદૂક છીનવી લેવાના ગુન્હાનો આરોપી અને અમદાવાદ,ગાંધીનગર સહીત અન્ય પોલીસ સ્ટેશન અને રાજસ્થાનના વીંછીવાડા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સહીત અન્ય ગુન્હામાં સંડોવણીનો કુખ્યાત આરોપી જીવો ઉર્ફે જીવણ ઉર્ફ જીવા પુના મનાત મેઢાસણ-ટીંટીસર રોડ પરથી પસાર થવાનો હોવાની બાતમી મળતા પેરોલફર્લો ટીમ તાબડતોડ મેઢાસણ-ટીંટીસર રોડ પર વોચ ગોઠવી દીધી અને રોડ પરથી પસાર થતા જીવા મનાતને પોલીસ સકંજામાં આવી ગયો હોવાની જાણ થતા ભાગવા લાગતા પેરોલ ફર્લો ટીમે કોર્ડન કરી દબોચી લેતા બુટલેગરના મોતીયા મરી ગયા હતા અરવલ્લી પેરોલ ફર્લો ટીમે નામચીન બુટલેગરને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# પીપોદરા શાળામાં બાળકોને સ્લીપરનું વિતરણ કરાયું



ખેડબ્રહ્મા.૨૨

યુવા ખેડબ્રહ્મા દ્વારા પીપોદરા સ્કૂલમાં સ્લીપરનું વિતરણ કરવામાં આવ્યું હતું. યુવા ગ્રુપ ના કાર્યકરોએ નક્કી કર્યું છે કે અંતરિયાળ વિસ્તારમાં કોઈ શાળાના બાળકો ખુલ્લા પગે શાળાએ ન જાય તેની ચિંતા કરવી છે, બુટ ના આપી શકે તો કાંઈ નહિ પણ ચંપલ તો મિત્રોના સહકારથી પહેરાવા જ છે. આવી સમાજ સેવાનું કાર્ય યુવા કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવે છે.



૨૦ માર્ચ વિશ્વ ચકલી દિવસની ઉજવણી નિમિત્તે શ્રી આરાસુરી અંબાજી માતા મંદિર મુકામે ચકલી ના ઘર, ચકલી માટે પાણીના કુંડાનું ની-શુલ્ક વેચાણ કરવામાં આવ્યું અને અંબાજી ગબ્બડ ગઢ ઉપર અને ચુંદડી વાળા માતાજી મંદિર માં ચકલી ઘર અને પાણીના કુંડા લગાવવામાં આવ્યા. ૨૦ માર્ચ વિશ્વ ચકલી દિવસે ચકલીને બચાવવા માટે થઈને ચકલીને સુરક્ષિત ઘર પ્રદાન કરવાનો સંકલ્પ કરીએ જેથી ચકલી એક ઘરનું પક્ષી છે. જે માનવ વસ્તી સાથે રહેવા ટેવાયેલું પક્ષી છે. જેથી આપણા ઘરના પાર્કિંગ શેડ છજા નીચે જ્યાં સાપ, બિલાડી, કાગડા જેવા પરજીવીથી એનું રક્ષણ થાય એવી રીતે ખાલી બોક્સ લગાવીને ચકલી માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ધનસુરા જે. એસ.મહેતા હાઈસ્કૂલમાં ભારતમાતા, સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાનું અનાવરણ



ધનસુરા, તા.૨૨

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા ધનસુરા ખાતે જે.એસ.મહેતા હાઈસ્કૂલમાં ભારત માતા તેમજ સ્વામી વિવેકાનંદ જીની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ધનસુરા સરપંચ યશવંતભાઈ પટેલ, સાબરડેરીના ડિરેક્ટર કાંતિભાઈ પટેલ,જિલ્લા પંચાયત સદસ્ય હિરેન પટેલ, ધીરુભાઈ પટેલ, અનિલભાઈ પટેલ જે.એસ. મહેતાના આચાર્ય પ્રકાશભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ પોલીસ દ્વારા છેતરપીંડી અને વિશ્વાસઘાતના ગુન્હાના આરોપીને મધ્યપ્રદેશથી ઝડપી પાડ્યો

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ દ્વારા છેતરપીંડી અને વિશ્વાસઘાત ના ગુન્હામા મધ્ય પ્રદેશ ના આરોપીને ઝડપી પાડયો હતો. પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા ગાંધીનગર તથા પોલીસ અધીક્ષક નિરજકુમાર બડગૂજર સાબરકાંઠા ના ઓએ લોભામણી લાલચ આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કરતા ઈસમોને ઝડપી પાડી આવી પ્રવૃત્તિઓ ને નેસ્ત નાબુદ કરવા સારૂ સુચના કરેલ છે



અન્વયે નાયબ પોલીસ અધિક્ષક કે.એચ. સુર્યવંશી હિંમતનગર વિભાગ તથા પ્રાંતિજ પોલીસ ઈન્સ્પેક્ટર પી.એલ.વાઘેલા ના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.જે.ગોસ્વામી તથા પોલીસ કોન્સ્ટેબલ જીજ્ઞેશ કુમાર, મુકેશ કુમાર દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પાર્ટ. એ એફ.આઈ.આર.નંબર ૧૧૨૦૯૦૪૧૨૦૧૭૪૦/૨૦૨૦ઈ.પી.કો.કલમ-૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ ના ગુના ના કામે ફરીયાદી ને લોભામણી લાલચ આપી અલગઅલગ બેંક ખાતાના રૂ.૭૯,૫૦૦ ભરાવી પૈસા પરત નહી આપી ગુન્હો કરેલ હોઈ આરોપી સંજય કુમાર વિધ્યાકાંન્ત પાંડે ઉ.વ-૩૩ મુળ રહે. બામ્હની પોલીસ.સ્ટ ઝરખરાવલ તા.દેવશલ જી.સીંગરૌલી હાલ રહે. નેહરૂનગર બસ સ્ટેન્ડ નજીક તા.રાયપુર કરસુલીયા જી.રેવા (મધ્યપ્રદેશ) વાળાએ પકડી પાડવામા પ્રાંતિજ પોલીસ ને સફતા મળી હતી અને તેને જેલ ને હવાલે કર્યો હતો.

# ઈડરના માથાસુર નજીકના રોડ પરના પુલ નીચેથી અજાણ્યાનો મૃતદેહ મળ્યો

ઈડર (બ્યુરો ઓફીસ) તા.૨૨

ઈડર -અંબાજી હાઈવે પરના માથાસુર ગામ નજીક ના પુલ નીચે થી કોઈ અજાણ્યા વ્યક્તિ ની લાશ મરી આવતા લોકોના ટોળા ઉમટ્યા હતા.ઈડર અંબાજી હાઈવે પરના માથાસુર ગામ અને વિજયનગર ત્રણ રસ્તા વચ્ચે આવેલ પુલ નીચે એક યુવાન ની મૃત હાલતમાં લાશ મળી આવવાના સમાચાર વાયુવેગે પ્રસરી જતા લોકોને ટોળેટોરા ઉમટ્યા હતા.ઈડર પોલીસ ઘટના સ્થળે પહોંચી તાપસ કરતા આશરે ૨૫ થી ૩૦ વર્ષ ના અજાણ્યા યુવાન ની લાશ મળી આવી હતી.પોલિસે લાશ નો કબજો લઈ આગળ ની કાર્યવાહી માં લાગી છે.

**અજાણી વ્યક્તિની લાશના સમાચાર વાયુવેગે પ્રસરતા લોકોના ટોળા એકઠા થયા**